# શિયાળુ ઋતુના મુખ્ય પાકોના રોગો અને તેનુ નિયંત્રણ

ડો. ડી. એસ. કેલૈયા, ડો. કે. કે. કણઝારીયા, ડો. જે. આર. તળાવીયા, ડો. સી. એમ. ભાલીયા અને ડો. એસ. વી. લાઠીયા
વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

| પાકનું નામ | રોગનું નામ | લક્ષણો | નિયંત્રણ |
|---|---|---|---|
| ઘઉં | પાનનો બદામી ગેરુ | એક બીજાથી અલગ છુટા છવાયા નારંગી રંગનાં ભૂખરા ઉપસેલા ટપકાં પાન તથા પર્ણ દંડ ઉપર જોવા મળે છે. | રોગ પ્રતિકારક જાતો જી ડબલ્યુ ૫૧૩, જી ડબલ્યુ ૪૯૯, જી ડબલ્યુ ૪૬૩, જી ડબલ્યુ ૩૨૨ અને જી ડબલ્યુ ૩૬૬, જી ડબલ્યુ ૪૯૬ નો ઉપયોગ કરવો. સમયસરના વાવેતરમાં (૧૫ નવેમ્બર) દરેક પ્રકારના રોગ ઓછા આવે છે. રોગાં ખેતરમાં દેખાય કે તરતજ મેન્કોઝેબ ૭૫% વે.પા. (૨૬ ગ્રામ/૧૦ લિટરપાણીમાં) અથવા પ્રોપીકોનેઝોલ (૧૦ મીલી/૧૦ લિટર પાણીમાં) ફૂગનાશક દવાનો છંટકાવ કરવો. જરૂર જણાય તો વધારાના બે છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા. |
| | દાંડીનો ગેરુ | એક બીજાના સાથે ભળી લંબગોળાકાર ઉપસેલા કથ્થઈ રંગનાં ટપકાં પાકની પાછલી અવસ્થામાં પાન, પ્રકાંડ તથા ઉંબી ઉપર જોવા મળે છે. | |
| | પાનનો સુકારો | ઘઉં ૬ થી ૮ અઠવાડિયાના થાય પછી રોગની શરૂઆત થાય છે. પાન પર ઘેરા ભૂખરા રંગના અંડાકાર ટપકાં જોવા મળે. વધારે ભેજ અને ઝાડકળથી રોગ ઉગ્રસ્વરૂપ ધારણ કરે જેથી પાક ખેતરમાં આગથી દાઝી ગયો હોય તેવો ભાસ થાય. આવા પાકમાં દાણા ચીમળાઈ ગયેલા રહે છે. | તંદુરસ્ત બીજનું વાવેતર કરવાથી બીજ સાથે જતી ફૂગને અટકાવી શકાય છે. થાયોફેનેટ મિથાઈલ ૭૦% વે.પા. (૫ ગ્રામ/૧૦ લિટર પાણી ) અથવા મેન્કોઝેબ ૭૫% વે.પા. (૨૬ ગ્રામ ગ્રામ/૧૦ લિટર પાણી) ના ૩ છંટકાવ ૧૫ દિવસના અંતરે કરવા. |
| | કાળા ટપકાંનો રોગ | મોડુ વાવેતર (૧૫ નવેમ્બર પછી ) કરવામાં આવે તો રોગ આવવાની શકયતા વધે છે. ઘઉંને થ્રેશર વડે કાઢવામાં ન આવે ત્યાં સુધી રોગના ચિન્હો દેખાતા નથી. ઘઉંના દાણાના ભૃણનો ભાગ કાળો પડી દાણાની ચમક ઘટી જાય છે. બજારમાં કિંમત ઓછી આવે છે. | મોડું વાવેતર ન કરવું. છેલ્લુ પિયત આપતી વખતે કયારામાં પાણી વધારે પડતું ભરાવા ન દેવું. રોગ નિયમિત આવતો હોય તો દાણા બેસવાના સમયે મેન્કોઝેબ૭૫% વે.પા.(૨૬ ગ્રામ/૧૦ લિટર પાણી ) નો છંટકાવ કરવો |
| જીરૂ | ચરમી | રોગ પાકની ૩૦ થી ૩૫ દિવસની અવસ્થાએ દેખાય. શરૂઆતમાં પાન પર કથ્થાઈ રંગના ટપકા પડે. ધીરે ધીરે ટપકાનું કદ વધતા આખા પાન કથ્થાઈ રંગના બને. રોગની ઉગ્રતા વધતા ડાળી અને થડ પર બદામી થી કાળા રંગનાં ધાબા જોવા મળે. ધાબા પડે ત્યાંથી ડાળીઓ નમી પડે અને છેલ્લે આખો છોડ સેકાઈ જાય. ઝાકળ આવતા ફુગના અસંખ્ય બીજાણુઓ બને. જે બીજા છોડમાં ચેપ લગાડે. નાના છોડમાં રોગ લાગે તો ફુલ બેસતા નથી. ફુલ અવસ્થાએ રોગ લાગે તો દાણા બેસતા નથી અને બેસે તો ચીમળાયેલા હલકા અને કાળા રંગના જોવા મળે. કમોસમી વરસાદમા આ રોગ ઝડપથી પ્રસરે. | બીજને થાયરમ દવાની માવજત એક કિલોગ્રામ બીજ દિઠ ૩ ગ્રામ પ્રમાણે આપવી. પાક ૩૦ દિવસનો થાય ત્યારથી મેન્કોઝેબ દવાના ૦.૨% (૨૫ ગ્રામ/૧૦ લિટર) અથવા મેટીરામ ૫૫ + પાયરાકલોસ્ટ્રોબીન ૫ ડબલ્યુ.જી. (૩૦ ગ્રામ/૧૦ લિટર) અથવા પાયરાકલોસ્ટ્રબીન ૧૩.૩ + ઈપોકઝીકોનાઝોલ ૫ એસ.ઈ. (૧૫ મીલી/૧૦ લિટર) વાળા દ્રાવણમાં ૩ થી ૪ છંટકાવ ૧૦–૧૨ દિવસનાં અંતરે વારાફરતી કરવા. જીરાનો પાક એક જગ્યાએ દર વર્ષે ન લેવો, વાવેતર નવેમ્બર માસમાં ઠંડી રૂતુમાં કરવું. કયારા નાના રાખવા, પિયત હલકું આપવું. પછાટે પાણી ન ભરાવા દેવું. નાઈટ્રોજનયુકત ખાતરનો વધુ ઉપયોગ ન કરવો, રોગિષ્ટ છોડનો ઉપાડી નાશ કરવો અને જીરાનું ઘાટુ વાવેતર ન કરવું. |

| | | | |
|---|---|---|---|
| | **ભૂકી છારો** | આ રોગ પાકમાં ફુલ અવસ્થાએ જોવા મળે. શરૂઆતમાં છોડના નીચેના પાન અને થડ પર સફેદ ડાઘા પડે. સમય જતા ફુગની વૃધ્ધિ છોડના જમીન ઉપરના બધા જ ભાગો પર જોવા મળે. પરિણામે છોડ પર સફેદ પાવડર છાંટેલ હોય તેવું દેખાય. પાછળથી રાખોડીયા રંગમાં ફેરવાય. રોગ લાગેલ છોડનો વિકાસ અટકે. દાણા બેસતા નથી. બેસે તો સફેદ રંગનાં અને અપુરતા વિકાસવાળા હોય. પરિણામે વજન અને ગુણવતા ઘટે. | સંરક્ષણાત્મક પગલા તરીકે પાક ૪૫ દિવસનો થાય કે રોગની શરૂઆત થાય કે તુરત જ દ્રાવ્ય ગંધક ૦.૨% (૩૦ ગ્રામ/૧૦લિટર) અથવા હેકઝાકોનેઝોલ ૦.૦૦૫% (૧૦ મિ.લી. /૧૦ લિટર ) અથવા મેટીરામ ૫૫ + પાયરાકલોસ્ટ્રોબીન ૫ ડબલ્યુ.જી. (૩૦ ગ્રામ /૧૦ લિટર) ના દ્રાવણના ૨ થી ૩ છંટકાવ વારાફરતી કરવા. |
| | **સુકારો** | સામાન્ય રીતે ૨૫–૩૦ દિવસનો પાક થાય ત્યારે આ રોગ જોવા મળે. છોડના કૂણા ડોકા અને ડાળીઓ અચાનક નમી પડે. ત્યારબાદ રોગિષ્ટ છોડ સુકાઈ જાય. ખેતરમાં રોગ લાગેલ છોડની કુંડીઓ જોવા મળે. જે વધારે વિસ્તારમાં પ્રસરે. દાણા બેસતા નથી. દાણા બેસેલ છોડમાં રોગ લાગે તો દાણાનો વિકાસ થતો નથી. | એકની એક જમીનમાં જીરાનો પાક ન લેવો. તંદુરસ્ત બિયારણ પસંદ કરવું. બીજને ચરમીના રોગ માટે જણાવેલ ફુગનાશક દવાની માવજત આપીને વાવવા. ૫૦૦ કિ.ગ્રા. ગળતિયુ ખાતર/એરંડીના ખોળમાં ૫ કિ.ગ્રા. ટ્રાઈકોડર્મા હારજેનીયમ ફૂગના બીજાણુનું મિશ્રણ કરી વાવણી સમયે જમીનમાં ઉમેરવાથી રોગનું નિયંત્રણ થાય . |
| **ધાણા, અજમા, સુવા, મેથી અને વરીયાળી** | **ભૂકી છારો** | છોડના નીચેના પાન પર સફેદ છારી જોવા મળે. ઠંડા અને ભેજવાળા વાતાવરણમાં થડ, ડાળી અને પાન પર સફેદ ફુગની વૃધ્ધિ જોવા મળે. પાક દૂરથી સામાન્ય લીલા રંગને બદલે રાખોડીયા રંગનાં જોવા મળે. ઘણી વખત દાણા પર પણ સફેદ છારી જોવા મળે. | સંરક્ષણાત્મક પગલા તરીકે પાક ૪૫ દિવસનો થાય કે રોગની શરૂઆત થાય કે તુરત જ દ્રાવ્ય ગંધક ૦.૨% (૩૦ ગ્રામ/૧૦ લિટર) અથવા હેકઝાકોનેઝોલ ૫ ઈ.સી. ૦.૦૦૫% (૧૦ મિ.લી. /૧૦ લિટર ) ના દ્રાવણના ૨ થી ૩ છંટકાવ કરવા. |
| **ચણા** | **વામન છોડ** | આ રોગ પાકની શરૂઆતની અવસ્થામાં આવી જાય તો છોડ કદમાં નાનો રહી જાય છે. બે ગાંઠ વચ્ચેનુ અંતર ઘટી જાય છે. પાછલી અવસ્થામાં રોગ લાગે તો પાન પીળા અથવા ભૂખરા, તામ્ર રંગના થઈ જાય છે. પાન અને થડ બરડ અને જાડા થઈ જાય છે. મુળ કાળા થઈ જાય છે. | રોગપ્રતિકારક જાતોનું વાવેતર કરવું. રોગિષ્ટ છોડ ખેતરમાં દેખાય કે તૂરતજ ઉપાડી નાશ કરવો. આ રોગો મોલોમશી, સફેદમાખી જેવી રસ ચૂસતી જીવાતો મારફતે ફેલાતા હોવાથી તેના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવા ડાયમીથોએટ ૩૦ ઈ.સી. ૧૦ મિ. લિ. અથવા ઈમિડાકલોપ્રીડ ૧૭.૮ એસ. એલ. ૪ મિ. લિ. દવા ૧૦ લિટર પાણીમાં મેળવીને જરૂરત મુજબ છંટકાવ કરવો. |
| **આંબો** | **ભૂકી છારો** | મોરની દાંડી ઉપર સફેદ છારી જોવા મળે છે. જે પાછળથી બદામી રંગની થાય છે. આ રોગના આક્રમણથી ફલિનીકરણ થાય તે પહેલા અથવા ત્યાર પછી કૂમળો મોર ખરી જાય છે. રોગનું પ્રમાણ વધતાં નાના ફળ, કૂમળા પાન અને પર્ણદંડ પર છારી દેખાય છે. રોગગ્રસ્ત નાના ફળો કરમાઈ ખરી પડે છે. | આ રોગને સૂકું અને ઠંડુ વાતાવરણ વધુ માફક આવે. આથી શિયાળામાં મોરની શરૂઆત થતાં જ આ રોગની અસર જોવા મળે છે. આ રોગનના નિયંત્રણ માટે મોર બેસવાની શરૂઆતમાં કાર્બેન્ડેઝીમ ૫૦ વે. પા. (૦.૦૫ ટકા) અથવા હેકઝાકોનેઝોલ ૫ ઈ.સી. ૦.૦૦૫% નો છંટકાવ કરવો. |
| | **વાનસ્પતિક વિકૃતિ** | આંબાની ડાળીમાં ટોચના પાન શરૂઆતમાં જાડા, ટૂંકા, દળદાર બને છે અને તેની કુદરતી લાક્ષિણિકતા ગુમાવે છે. નવો ફાલ આવતાં નાની ડાળીઓ ગુચ્છામાં ફૂટે છે. પાન પણ નાના અણીદાર એકત્રિત રીતે ગુચ્છામાં ગોઠવાયેલા હોય છે જે કાંઈક | રોગિષ્ટ ભાગો અને વિકૃત થયેલ ડાળીઓની છટણી કરી બાળીને નાશ કરવો. રોગિષ્ટ ભાગ પાછળનો ૧૫ સે.મી. જેટલો તંદુરસ્ત ભાગ પણ સાથે રાખી છટણી કરવી, તેમજ કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. (૫ ગ્રામ /૧૦ લિટર પાણી) નો છંટકાવ કરવો. આ જ દવાનું ( ૧૦ ગ્રામ/૧૦ |

| | | | |
|---|---|---|---|
| | | અંશે વિકૃત બની જાય છે. આ વિકૃતિ નાના છોડમાં (નર્સરી અવસ્થામાં ) તેમજ નાની કલમોમાં (૪ થી ૮ વર્ષ) વધુ જોવા મળે છે. | લિટર પાણી ) દ્રાવણ બનાવી ઝાડની ઉંમરને ધ્યાને લઈ ૧૦ થી ૧૫ લિટર પ્રમાણે થડની ફરતે જમીનમાં રેડવું. ફકત પ્રમાણિત, તંદુરસ્ત , રોગમુકત આંબાની કલમોનો નવા વાવેતર માટે ઉપયોગ કરવો. ફૂલ આવવાની શરૂઆત થાય ત્યારે બાહ્ય લક્ષણો પરથી વિકૃતિ ઓળખી તેના પુષ્પવિન્યાસનો નાશ કરવો. મૂલકાંડ માટે પણ જે ઝાડ આવી વિકૃતિથી મુકત હોય તેનાજ ગોટલા પસંદ કરવા. ઓકટોબર માસના પહેલા અઠવાડિયામાં નેપ્થેલીન એસિટિક એસિડ (એન.એ.એ.) ૨ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં (૨૦૦ પીપીએમ) ઓગાળી છંટકાવ કરવો. |
| | **ફૂલની વિકૃતિ** | આ વિકૃતિમાં ફૂલો જાડા, ફૂલેલા અને વધારે પ્રમાણમાં ડાળીવાળા પુષ્પવિન્યાસ નીકળે છે. વિકૃત પુષ્પવિન્યાસમાં સારા ફૂલો ઘણા ઓછા હોય છે. ફળો બેસતા નથી અથવા બેસે તો પણ વટાણાનાં દાણા કરતાં મોટા થતાં નથી. પાનકથીરી દ્વારા રોગકારક ફૂગનો ફેલાવો થાય છે. આ સિવાય રોગિષ્ટ આંબાની ડાળીઓનો કલમ બાંધવામાં ઉપયોગ તેમજ રોગયુકત આંબાનો છોડ કે જેનો સ્ટોક તરીકે ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તેનો ફેલાવો થતો હોય છે. | |
| | **કાલવ્રણ** | પાન ઉપર ઘેરા બદામી રંગના ટપકાં પડે. પુષ્પગુચ્છ અને નાના ફળ પર સૂક્ષ્મ કાળા ટપકાં પડે છે જેથી ફૂલો ખરી પડે છે. મોરની દાંડીની બદામી અને કાળાશ પડતા ધાબા પડે છે જેથી આખો મોર સુકાઈને ખરી પડે છે. કેરી ઉતારી લીધા બાદ તેના ડીંચા મારફતે ફળોમાં રોગનો ચેપ દાખલ થાય છે. કેરી સડવા માંડે છે. | ઝાડ પરથી કેરી વેડી લીધા પછી સૂકાયેલી ડાળીઓની છાંટણી કરી જખમવાળા ભાગ ઉપર બોર્ડોપેસ્ટ (મોરથુથું ૧ કિ.ગ્રા. + કળીચૂનો ૧ કિ.ગ્રા. + ૧૦ લિટર પાણી ) લગાડવી અથવા બોર્ડોમિશ્રણ ૦.૮% (મોરથુથું ૮૦ ગ્રામ + કળી ચુનો ૮૦ ગ્રામ + ૧૦ લિટર પાણી ) તેમજ કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. (૫ ગ્રામ/૧૦ લિટર પાણી) નો છંટકાવ કરવાથી પણ આ રોગનું નિયંત્રણ થાય છે. |
| **શાકભાજીના પાકો** | **ધરુમૃત્યુનો રોગ** | ધરુવાડીયામાં જો ગીચોગીચ ધરુ ઉછેર કરવામાં આવે તો ફુગથી થતો આ રોગ બે તબકકે જોવા મળે..જમીનમાં બીજનાં અંકુર ફુટતા પહેલા ધરુનો સડો. જમીનમાંથી ધરુ બહાર નીકળ્યા પછી ધરુનો સડો. આ રોગને પરિણામે ઉગાવો ઓછો મળે છે. છોડની સંખ્યા, ધરુની સંખ્યા ઓછી મળે છે. ખાલા વધુ પડે છે. | જમીન સારા નિતાર વાળી અને ઉંચાણવાળી હોવી જોઈએ (ગાદી કયારા બનાવવા). રોગીષ્ટ છોડ મુળ સાથે ઉપાડી બાળીને નાશ કરવો. બીજને થાયરમ દવાનો ૩ ગ્રામ પ્રતિ કિલો બીજ દિઠ પટ્ટ આપવો. ઉનાળામાં ૧૫ દિવસ સુધી ધરુવાડીયાની જમીન ઉપર પ્લાસ્ટીક પાથરી જમીન તપાવવી. |
| **મરચી** | **કોકડવા** | વિષાણુજન્ય આ રોગમાં છોડના પાન નાના અને વાંકા થઈ જાય છે. મરચાં ઓછા અને નાના બેસે છે. છોડ વામન રહે છે. | ધરુવાડીયામાં કાર્બોફયુરાન ૩ જી. દાણાંદાર દવા હેકટરે ૧.૫ કિ.ગ્રા.સક્રિય તત્વ પ્રમાણે જમીનમાં ભેળવવી. ધરુની ફેરરોપણીના ૩૦ દિવસથી શરુ કરી ૧૫ દિવસનાં અંતરે મીથાઈલ ઓ ડીમેટોન ૨૫ ઈ.સી. ૦.૦૩ ટકાનું દ્રાવણ પાંચ થી છ વખત છંટકાવ મરચાં ઉતાર્યા બાદ કરવા. |
| | **જીવાણુંથી થતો ટપકાનો રોગ** | પાન ઉપર નાના પાણી પોચાં ટપકાં જોવા મળે છે. જે સમય જતાં કાળા પડે છે. પાન સુકાઈ ખરી પડે છે. ડાળીઓ તથા થડ ઉપર પણ આવા ટપકાં જોવા મળે છે. | બીયારણને વાવતા પહેલા થાયરમ દવા ૩.૦ ગ્રામ / કિલો બીજ દીઠ પટ્ટ આપીને વાવવુ. રોગની શરુઆત જણાય કે તુરંત જ એક ગ્રામ સ્ટ્રેપ્ટોસાઈકલીન + ૩૦ ગ્રામ કોપર ઓકસીકલોરાઈડ ૫૦ વે.પા. ૧૦ લી. પાણીમાં ઓગાળી ૨૦ થી ૨૫ દિવસનાં અંતરે ત્રણ છંટકાવ કરવા. |
| | **કાલવ્રણ** | આ રોગને કારણે પાન પર અનિયમીત આકારનાં ટપકાં પડે છે. ડાળીઓ ઉપરથી કાળી પડી સુકાવા લાગે છે. મરચાં ઉપર કાળા કે રાખોડી રંગનાં ટપકાં પડે છે. બજાર કિંમત ઘટે છે. ગુણવતા પણ ઘટે. | બીજને વાવતા પહેલા પ્રતિ કિલો બીજ દીઠ ૨ થી ૩ ગ્રામ થાયરમનો પટ્ટ આપીને ધરુ ઉછેરવા. ફેરરોપણીના ૨ મહિના બાદ ઝાઈનેબ ૭૫ ડબલ્યુ. પી. ૦.૨ ટકાનું દ્રાવણ ૧૫ દિવસનાં અંતરે ત્રણ વખત છાંટવું. |

| | | | |
|---|---|---|---|
| **રીંગણી** | **ફળનો સડો** | પાન ઉપર ઘેરા ભુખરા ટપકાં પડે છે. આવા ટપકાંની આજુબાજુ અનિયમીત આકારની કાળી કિનારી બને છે. ફળ ઉપર ઉંડા ધુળીયા રંગનાં ડાઘા જોવા મળે છે. જયાંથી સડાની શરુઆત થતી હોય છે. | બીજને વાવતા પહેલા થાયરમ દવાનો ૩ ગ્રામ પ્રતિ કિલો બીજ માવજત આપવી. પાક એક થી દોઢ માસનો થાય ત્યારે મેન્કોઝેબ ૭૫ વે. પા. ૨૫ ગ્રામ અથવા ૪૦ ગ્રામ કોપર ઓકસીકલોરાઈડ ૫૦ વે.પા. ૧૦ લી. પાણીમાં ઓગાળી ૧૦ થી ૧૨ દિવસનાં અંતરે ત્રણ છંટકાવ કરવા. કાર્બેન્ડેઝીમ ૫૦ વે. પા. ૦.૦૫% (૧૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં) નો છંટકાવ કરવો. |
| | **લઘુપર્ણનો રોગ** | ચુસીયા પ્રકારની તડતડીયા જેવી જીવાતથી ફેલાતા અને ફાયટોપ્લાઝમાંથી થતા આ રોગમાં પાન નાના રહે છે. ફુલ આવતા પહેલા જો રોગ લાગે તો તે પાન ગુચ્છ સ્વરુપે દેખાય છે અને ફુલ આવતા નથી. ફળ બેસતા નથી. લાગેલ ફળ કઠણ રહે છે. | શોષક પ્રકારની જંતુનાશક દવાનો છંટકાવ કરવો. રોગીષ્ટ છોડ ઉપાડીને નાશ કરવો. |
| **ટમેટી** | **કોકડવા** | સફેદ માખી વડે પ્રસરતા વિષાણુજન્ય આ રોગમાં રોગીષ્ટ છોડ વામન રહે છે. પાન નીચેની બાજુ વળી જાય છે. રંગ ઝાંખો પડી જઈ પાનનું કદ એકદમ નાનું થઈ જાય છે. ફળ બેસતા નથી. | રોગને ફેલાવનાર સફેદમાખીનું શોષક પ્રકારની જંતુનાશક દવા છાંટી નિયંત્રણ કરવું. |
| | **સ્પોટેડ વીલ્ટ વાયરસનો રોગ** | થ્રીપ્સ વડે ફેલાતો અને વિષાણુજન્ય આ રોગ ઘણીવાર પાકા ટમેટાં ઉપર ગોળ કે અનિયમીત આકારનાં ચાંઠાના રુપમાં જોવા મળે છે. રોગ છોડનાં કુમળા પાન ઉપર નાના ગોળાકાર ટપકાં જોવા મળે છે. છોડ જાંબુડીયા રંગનો દેખાય છે. | ધરુવાડીયામાં ધરુ ઉગ્યાનાં ૭ દિવસ પછી દર ૮ થી ૧૦ દિવસના અંતરે શોષક પ્રકારની જંતુનાશક દવા છાંટવી. |
| **કોબીવર્ગ** | **જીવાણુંથી થતો કોહવારો** | રોગ પાકની કિનારી ઉપર ટપકા રુપે દેખાય છે. અને વી આકારમાં મુખ્ય નસ તરફ આગળ વધે છે. નસ કાળા રંગની બને છે. પર્ણદંડ અને થડની રસધાની પણ કાળી બને છે. | બિયારણને ૫૦ ડી. સે.ગ્રેડ તાપમાને ૩૦ મીનીટ ગરમ પાણીમાં બોળી રાખવા. ધરુવાડીયામાં ૧ ગ્રામ સ્ટ્રેપ્ટોસાઈકલીન દવા ૧૦ લી. પાણીમાં ઓગાળીને છાંટવી. |
| **ડુંગળી** | **જાંબલી ધાબાનો રોગ** | પાન ઉપર ત્રાક આકારનાં લાંબા રાખોડી રંગનાં મધ્યમ કથાઈ રંગના ડાઘ પડે છે. ડાઘની જગ્યાએથી પર્ણદંડ નમી પડે છે. પાન સુકાઈ જાય છે. | પાક ૬૦ થી ૬૫ દિવસનો થાય ત્યારે મેન્કોઝેબ ૭૫ વે. પા. ૨૫ ગ્રામ અથવા ઝાયરમ ૮૦ ડબલ્યુ. પી. ૨૦ ગ્રામ ૧૦ લીટર પાણીમા ઓગાળી બે થી ત્રણ છંટકાવ ૧૫ દિવસનાં અંતરે કરવા. |
| | **ડુંગળીનો પોચો સડો** | આ રોગ જીવાણુથી થાય છે. ડુંગળીનો પોચો સડો ઉભા પાકમા તથા સંગ્રહ દરમ્યાન જોવા મળે છે. તેમજ શરૂઆતમા જો ડુંગળીનુ વાવેતર કાંજીથી કરવામા આવે તો ખેતરમા ઉભા પાકમા રોગનુ નુકશાન જોવા મળે છે. આ રોગની શરૂઆત પાક પાકતી વખતે ડુંગળીના કાંદાના ઉપલા ફોતરા પર થાય છે પરંતુ સડો સામાન્ય રીતે કાંદા જમીનમાંથી ઉપાડી લીધા બાદ જોવા મળે છે. આવા રોગીષ્ટ કાંદાઓને દબાવતા તેમાથી ચીકણુ, ગંધાતી વાસવાળુ પ્રવાહી નીકળે છે. | રોગીષ્ટ કાંદા ક્યારીમાથી દૂર કરવા. કાંદાની લળણી ગાંજો (થડ) સુકાયા બાદ જ કરવી. બીજ માટેના નાના કાંદા (કાંજી) અને કાંદાના સંગ્રહ નીચા ઉષ્ણતામાને (૨૫ સે.ગ્રે.) અને હવાની અવરજવર સારી હોય તે જગ્યાએ કરવો. |